ક્રાંતિગુરૂ શ્યામજી કૃષ્ણ વર્મા
કચ્છ યુનિવર્સિટી
મુન્દ્રા રોડ, ભૂજ-કચ્છ. ૩૭૦ ૦૦૧. ફોન નં. (૦૨૮૩૨)૨૩૫૦૦૧, ૨૯૩૯૧૧
ફેક્સ નં. (૦૨૮૩૨) ૨૩૫૦૧૧
ઈમેઈલ-info@kskvkachchhuniversity.org વેબ-kskvkachchhuniversity.org

ક.યુ./એ.સી./મીટીગ/મીનીટસ/૩ જી ફેબ્રુઆરી-૨૦૧૭/૨૦૧૭/૧૫૫૩૯- તા.૦૪/૦૨/૨૦૧૭

પ્રતિ,
એકેડેમિક કાઉન્સીલના તમામ સભ્યશ્રી,
કચ્છ યુનિવર્સિટી,
ભુજ-કચ્છ.

**વિષય : ગત તા.૦૩/૦૨/૨૦૧૭ ના રોજની એકેડેમિક કાઉન્સીલની યોજાયેલ સભાની મિનિટસની નોંધ મોકલવા બાબત.**

શ્રીમાન,

જય ભારત સહ ઉપરોક્ત વિષયે જણાવવાનું કે, માનનીય કુલપતિશ્રીનાં અધ્યક્ષ સ્થાને તા.૦૩/૦૨/૨૦૧૭ ના રોજ કચ્છ યુનિવર્સિટી કાર્યાલય ખાતે મળેલ એકેડેમિક કાઉન્સીલની સભાની મિનિટસ નોંધ આ સાથે સામેલ રાખી મોકલી આપવામાં આવે છે. જે આપશ્રીને જાણ થવા વિનંતી.

આભાર સહ,

**કુલસચિવ**
**કચ્છ યુનિવર્સિટી**
**ભુજ-કચ્છ**

બિડાણ:- એકેડેમિક કાઉન્સીલની યોજાયેલ બેઠકની મીનીટસ નોંધ

નકલ સવિનય રવાના:- માનનીય કુલપતિશ્રીના કાર્યાલય તરફ.

# તા. ૩જી ફેબ્રુઆરી ૨૦૧૭ને શુક્રવારના રોજ બપોરે ૨:૦૦ કલાકે કોન્ફરન્સ હોલ, યુનિવર્સિટી કાર્યાલય ખાતે મળેલ એકેડેમિક કાઉન્સીલના સભ્યશ્રીઓની મિનિટસ નોંધ

તા. ૩જી ફેબ્રુઆરી ૨૦૧૭ને શુક્રવારના રોજ બપોરે ૨:૦૦ કલાકે કોન્ફરન્સ હોલ, યુનિવર્સિટી કાર્યાલય ખાતે મળેલ એકેડેમિક કાઉન્સીલની સભા માનનીય કુલપતિશ્રીના અધ્યક્ષ સ્થાને યોજાયેલ, આ સભામાં નીચે મુજબના સભ્યશ્રીઓ હાજર રહેલ હતાં. અધ્યક્ષશ્રી દ્વારા સૌ સભ્યશ્રીઓના આવકાર સાથે જ આગળની કાર્યવાહીની શરૂઆત કરવામાં આવી.

| ક્રમ | સભ્યશ્રીનું નામ | હોદો | હાજર/ ગેરહાજર |
|---|---|---|---|
| ૧ | ડો. શ્રી.સી.બી.જાડેજા | અધ્યક્ષશ્રી | હાજર |
| ૨ | ડો.ડી.એમ.બકરાણીયા | સભ્યશ્રી | હાજર |
| ૩ | ડો. એમ.જી.ઠક્કર. | સભ્યશ્રી | ગેરહાજર |
| ૪ | ડો. પી.એસ.હિરાણી | સભ્યશ્રી | હાજર |
| ૫ | ડો. કે.એમ.ત્રિવેદી | સભ્યશ્રી | હાજર |
| ૬ | ડો.ડી.સી.ધોળકીયા, | સભ્યશ્રી | હાજર |
| ૭ | ડો.પી.એન.દવે, | સભ્યશ્રી | હાજર |
| ૮ | ડો.કાશ્મીરાબેન પી.મહેતા | સભ્યશ્રી | હાજર |
| ૯ | ડો.કલ્પનાબેન સતિજા | સભ્યશ્રી | હાજર |
| ૧૦ | શ્રી.સી.પી.પટેલ | સભ્યશ્રી | હાજર |
| ૧૧ | શ્રી.ડી.ડી.છાંગા | સભ્યશ્રી | હાજર |
| ૧૨ | ડો.એસ.જી.ધર્માણી, | સભ્યશ્રી | હાજર |
| ૧૩ | ડો.એમ.કે.પંડયા, | સભ્યશ્રી | હાજર |
| ૧૪ | ડો.સરલા એ.સંતવાણી, | સભ્યશ્રી | ગેરહાજર |
| ૧૫ | શ્રી.પી.ડી.ઉદેશી, | સભ્યશ્રી | હાજર |
| ૧૬ | ડો.આર.એસ.ઠક્કર | સભ્યશ્રી | ગેરહાજર |
| ૧૭ | શ્રી.એન.આર.ભગતાણી | સભ્યશ્રી | હાજર |
| ૧૮ | ડો.અર્ચના પી. ઉપાધ્યાય, | સભ્યશ્રી | હાજર |
| ૧૯ | શ્રી કે.એમ.પંડયા | સભ્યશ્રી | હાજર |
| ૨૦ | ડો.એલ.વી.ફફલ | સભ્યશ્રી | ગેરહાજર |
| ૨૧ | ડો.જે.એમ.પટેલ | સભ્યશ્રી | હાજર |
| ૨૨ | શ્રી.એમ.ડી.દવે | સભ્યશ્રી | હાજર |
| ૨૩ | શ્રી જે.એચ.દક્ષિણી | સભ્યશ્રી | ગેરહાજર |
| ૨૪ | શ્રી બી.વી.વ્યાસ | સભ્યશ્રી | હાજર |
| ૨૫ | ડો.ડી.એમ.બકરાણીયા, કુલસચિવશ્રી, | સેક્રેટરીશ્રી | હાજર |

૧.તા. ૧૯મી સપ્ટેમ્બર–૨૦૧૬ ની મિનિટસનું વાંચન અને બહાલી.

**ઠરાવ નં–૧. ગત તારીખ ૧૯મી સપ્ટેમ્બર–૨૦૧૬ રોજની સભાની મિનિટસ ના વાંચન બાદ આ મિનીટસને સર્વાનુમતે બહાલ રાખવામાં આવી.**

૨.કચ્છ યુનિવર્સિટી સલંગ્ન કોલેજો દ્વારા વિવિધ સર્ટીફિકેટ કોર્ષ ચલાવવા માટે આવેલ દરખાસ્તની સમીક્ષા અર્થે તા.૧૯/૦૧/૨૦૧૭ ના રોજની બી.યુ.ટી.આર. સભાના ઠરાવ નં.૧૧થી રચવામાં આવેલ સમિતિના અહેવાલ અન્વયે સર્ટીફિકેટ કોર્ષ શરૂ કરવાની મંજુરી બાબત.(પરિશિષ્ટ–૧)

**ઠરાવ નં–૨.** **કચ્છ યુનિવર્સિટી સલંગ્ન કોલેજો દ્વારા વિવિધ સર્ટીફિકેટ કોર્ષ ચલાવવા માટે આવેલ દરખાસ્તની સમીક્ષા અર્થે તા.૧૯/૦૧/૨૦૧૭ ના રોજની બી.યુ.ટી.આર. સભાના ઠરાવ નં.૧૧થી રચવામાં આવેલ સમિતિના અહેવાલમાં થયેલ ભલામણ અન્વયે જે–તે સંસ્થાને થયેલ ભલામણ મુજબના અને શરતોને આધિન સર્ટીફિકેટ તથા ડીપ્લોમાં કોર્ષ શરૂ કરવાની સર્વાનુમતે મંજુરી અને શ્રી આર.આર લાલન કોલેજની કોર્ષની વિગતો મંગાવી કાર્યવાહી હાથ ધરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

૩. કચ્છ યુનિવર્સિટીમાં ચાલતાં મેડીકલ ફેકલ્ટીના સ્નાતક અને અનુસ્નાતક અભ્યાસક્રમના ગ્રેસીગ અંગેના ઓર્ડિનન્સના નિર્ણય બાબત.

**ઠરાવ નં.–૩** **કચ્છ યુનિવર્સિટીમાં ચાલતાં મેડીકલ ફેકલ્ટીના સ્નાતક અને અનુસ્નાતક અભ્યાસક્રમના પરીણામમાં એમ.સી.આઇ.ના ધારા ધોરણ પ્રમાણે ગ્રેસીગ આપવાનું તથા અન્ય કોઇપણ ગ્રેસીગ ન આપવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

૪. કચ્છ યુનિવર્સિટીના મેડીકલ ફેકલ્ટીના એમ.સી.આઇ. અને રાજય સરકારશ્રીની મંજુરી મળેલ છે તેવા અનુસ્નાતક અભ્યાસક્રમોની બહાલી બાબત.(પેથોલોજી, માઇક્રોબાયોલોજી, રેસ્પીરટરી મેડીસીન(ટીબી એન્ડ ચેસ્ટ), ડર્મેટોલોજી વેનેરીયોલોજી એન્ડ લેપ્રોસી(ડી.વી.એલ.)) (પરિશિષ્ટ–૨)

**ઠરાવ નં–૪** **કચ્છ યુનિવર્સિટીના મેડીકલ ફેકલ્ટીના એમ.સી.આઇ. અને રાજય સરકારશ્રીની મંજુરી મળેલ છે તેવા અનુસ્નાતક વિષયો માટેના (પેથોલોજી, માઇક્રોબાયોલોજી, રેસ્પીરટરી મેડીસીન(ટીબી એન્ડ ચેસ્ટ), ડર્મેટોલોજી વેનેરીયોલોજી એન્ડ લેપ્રોસી(ડી.વી.એલ.)) અભ્યાસક્રમોને સર્વાનુમતે બહાલ રાખવા ઠરાવવામાં આવ્યું.**

૫. કચ્છ યુનિવર્સિટીના જુદા–જુદા અભ્યાસક્રમો માટે અનુસ્નાતક શિક્ષકની માન્યતાના મેળવવાની લાયકાત અંગે તા.૧૯/૦૧/૨૦૧૭ના રોજની બી.યુ.ટી.આર. સભાના ઠરાવ નં.૨ થી નકિક થયેલ અનુસ્નાતક શિક્ષક માન્યતાના લાયકાતના ધોરણોની બહાલી બાબત. (પરિશિષ્ટ–૩)

**ઠરાવ નં–૫** **કચ્છ યુનિવર્સિટીના અનુસ્નાતક શિક્ષકની માન્યતા મેળવવાની લાયકાત અંગેના તા.૧૯/૦૧/૨૦૧૭ ના રોજની બી.યુ.ટી.આર. સભાના ઠરાવ નં.૨થી નકિક થયેલ અનુસ્નાતક શિક્ષક માન્યતાના લાયકાતના ધોરણોનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો અને ખંડ સમયના અધ્યાપકો માટે દર્શાવેલ લાયકાતના માટેના ક્રમાંક ૧,૨,૩ માં અનુભવની બાબતમાં દર્શાવેલ અનુભવ કરતાં બેગણો અનુભવ હોય તો ખંડ સયમના અધ્યાપકને પણ અનુસ્નાતક શિક્ષકની માન્યતા આપવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

૬. કચ્છ યુનિવર્સિટીના પી.એચ.ડી./એમ.ફીલ અભ્યાસક્રમના ઓર્ડિનન્સની બહાલી બાબત. (પરિશિષ્ટ–૪)

**ઠરાવ નં–૬** **કચ્છ યુનિવર્સિટીના પી.એચ.ડી./એમ.ફીલ અભ્યાસક્રમના ઓર્ડિનન્સને બહાલ રાખવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

૭. કચ્છ યુનિવર્સિટીના તૈયાર થયેલ વાર્ષિક અહેવાલ અને વાર્ષિક હિસાબોને આગામી કોર્ટની સભામાં રજુ કરવા બાબત.

**ઠરાવ નં–૭ કચ્છ યુનિવર્સિટીના તૈયાર થયેલ ગત ત્રણ વર્ષના વાર્ષિક અહેવાલ અને વાર્ષિક હિસાબોને આગામી કોર્ટની સભામાં રજુ કરવા સૈધ્ધાંતિક મંજૂરી આપવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

૮. કચ્છ યુનિવર્સિટી ના IQAC, CCDC, R & D ની રચના બાબત. (જે પૈકી IQAC ની અગાઉ તા.૧૦/૦૩/૨૦૧૫ ની એકિઝકયુટીવ કાઉન્સીલના ઠરાવ ક્રમાંક–૧૧ થી થયેલ રચનાને રદ કરી નવી IQAC ની રચના તથા CCDC, R & D પ્રથમવાર રચના બાબત.)

**ઠરાવ નં–૮ કચ્છ યુનિવર્સિટી ના IQAC, CCDC, R & D ની રચનાને સર્વાનુમતે માન્ય રાખવા નિર્ણય લેવામાં આવ્યો અને તે અંતગર્ત નીચે મુજબના અધ્યાપકશ્રીઓને જે–તે સેલમાં નિમણુંક આપવા અને કાર્યવાહી સોંપવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું**

| સેલનું નામ | અધ્યાપકશ્રીનું નામ | હોદો |
|---|---|---|
| IQAC | ડો.વિજય વ્યાસ | કો–ઓર્ડિનેટર |
| R & D | ડો.એમ.જી.ઠકકર | કો–ઓર્ડિનેટર |
| CCDC | શ્રી મિલિન્દ સોલંકી | કો–ઓર્ડિનેટર |

૯. સીસ્ટમ ઇજનેરશ્રી દ્વારા રજુ કરવામાં આવેલ (પરિશિષ્ટ–૫) બાબતો પૈકી સભામાં હાથ ધરાયેલ ચર્ચામાં સમાવિષ્ટ મુદાઓ અને તે અંગે થયેલ ઠરાવો નીચે મુજબ છે જયારે બાકીના મુદાઓ માટે ચર્ચાને અવકાશ ન હોતાં રદ ઠરાવેલ છે.

(૧) અભ્યાસક્રમો પૈકી કોઈ પણ અભ્યાસક્રમોની પેટર્ન બદલતાં વર્ષનાં બે સેમેસ્ટર દરમ્યાન પ્રથમ સેમેસ્ટર ઓલ્ડ પેટર્નમાં હોય તો દ્વિતીય સેમેસ્ટર ન્યુ પેટર્નમાં એડમીશન આપી શકાય ? અન્ય વિદ્યાર્થીઓથી પરિણામની બાબતે અલગ પડતો હોઇ નિર્ણય અર્થે.

**ઠરાવ નં–૯ અભ્યાસક્રમો પૈકી કોઇપણ અભ્યાસક્રમોની પેટર્ન બદલતાં વર્ષનાં બે સેમેસ્ટર દરમ્યાન પ્રથમ સેમેસ્ટર જુની પધ્ધતિમાં હોય તો દ્વિતીય સેમેસ્ટરથી નવી પધ્ધતિમાં એડમિશન આપી આગળની પરીક્ષામાં મેળવેલ માર્કસ/ગ્રેડને નવી પધ્ધતિમાં હોય તે મુજબના ગુણમાં તબદીલ કરી માર્કસીટ આખરી કરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યુ.**

(૨) બેકલોગ(એ.ટી.કે.ટી.)ના કિસ્સામાં કોલેજ ટ્રાન્સફર મળવું જોઇએ નહિં, જેથી પરિણામો પર અસર થતી હોય છે. યોગ્ય નિર્ણય અર્થે.

**ઠરાવ નં–૧૦ ટ્રાન્સફરના કિસ્સામાં જે વિદ્યાર્થી સેમે–૩, સેમે–૫ માં ટ્રાન્સફર વખતે સેમે–૨, સેમે–૪માં સ્ટેટસ COMPLETE હોય તો જ ટ્રાન્સફર આપવું, અન્યથા બેકલોગ (એટીકેટી) વાળા વિદ્યાર્થીઓને ટ્રાન્સફર આપવું નહિ, ટ્રાન્સફર સર્ટિફિકેટમાં સેમે–૧ થી સેમે–૬ની તમામ વિગતો દર્શાવવા સર્વાનુંમતે ઠરાવવામાં આવ્યું.**

(૩) બીજી યુનિવર્સિટી/સેમેસ્ટર/ડિપ્લોમાં તથા અલગ પેટર્નમાંથી આવતાં વિદ્યાર્થીઓનાં પરિણામ બાબતે કોમન નિર્ણય લેવા અર્થે.

(૧.ડિપ્લોમા ટુ ડિગ્રી ૨. વાર્ષિક પધ્ધતિ માથી સેમેસ્ટર પધ્ધતિ ૩.જુના સેમેસ્ટર માથી નવા સેમેસ્ટરમાં એડમિશન).

**ઠરાવનં–૧૧** **અન્ય યુનિવર્સિટી/ સેમેસ્ટર પધ્ધતિમાં ફેરફાર કે ડીપ્લોમાંથી ડીગ્રી અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓના પરીણામ જાહેર કરવા સંદર્ભે આગળની પરીક્ષામાં મેળવેલ માર્કસ/ગ્રેડને નવી પધ્ધતિમાં હોય તે મુજબના ગુણમાં તબદીલ કરી માર્કસીટ આખરી કરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યુ.**

(૪) જો વિદ્યાર્થી સેમેસ્ટર–૬ (યુ.જી.) તથા સેમેસ્ટર–૪ (પી.જી.) પાસ હોય પરંતુ પાછળનું કોઇ પણ સેમેસ્ટર ઇન્કમ્પ્લીટ હોય તો ૦.૧૨૭ અંતર્ગત વીથહેલ્ડ પરિણામ રાખવા માટે નિર્ણય.

**ઠરાવ નં–૧૨** **કચ્છ યુનિવર્સિટીના તમામ અભ્યાસક્રમના જે વિદ્યાર્થીઓ હાલમાં જે સેમેસ્ટરમાં હોય તેના અગાઉના સેમેસ્ટર પસાર કરવાના બાકી હોય (INCOMPLETE) તેવા કિસ્સામાં હાલના સેમેસ્ટરના પરીણામની માર્કસીટમાં ૦.૧૨૭ મુજબ WITHHELD દર્શાવેલ માર્કસીટ આપવા(સ્નાતક કક્ષાએ સેમેસ્ટર–૬ અને અનુસ્નાતક કક્ષાએ સેમેસ્ટર–૪ પાસ હોય પરંતુ પાછળના કોઇ સેમેસ્ટર INCOMPLETE હોય તો) સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

(૫) રેન્ક સર્ટીફીકેટ એ તમામ સેમેસ્ટરના યુનિવર્સિટી દ્વારા લેવાયેલ તમામ પરિક્ષાઓના (એક્ષટર્નલ પરિક્ષા) ના કુલ ગુણ આધારે ૧ થી ૩ વિદ્યાર્થીને આપવા બાબત. જો આ ગુણ સમાન થાય તો ગ્રાંડ ટોટલ (સી.એ.+યુ.એ.) ગણવા બાબત. ગોલ્ડ મેડલ પણ આ જ પધ્ધતિ થી આપવા બાબત. દરેક પરિણામ બાદ ૧ થી ૫ (ટોપ પાંચ) વિદ્યાર્થી જાહેર કરવા કે કેમ ?

**ઠરાવ નં–૧૩** **યુનિવર્સિટી દ્વારા લેવામાં આવતી પરીક્ષાઓમાં ઉર્તિણ થતા વિદ્યાર્થીઓ પૈકી યુનિર્સિટી પરીક્ષાના(આંતરીક ગુણ નહિ) ગુણાકન મુજબ મેરીટના ધોરણે ક્રમ ૧ થી ૩ ક્રમાંક મેળવનાર વિદ્યાર્થીઓના નામની યાદી જાહેર કરવી, જો કોઇ અભ્યાસક્રમમાં પ્રથમ ક્રમાંક મેળવનાર બે કે તેથી વધુ વિદ્યાર્થીઓ સરખા માર્કસ મેળવે તેવા કિસ્સામાં બ્રાહય અને આંતરીક ગુણ સાથેના કુલગુણને ધ્યાને લેવા, તથા જો કુલગુણ સમાન હોય તેવા કિસ્સામાં છેલ્લી પરીક્ષાના યુનિવર્સિટી ગુણ પ્રમાણે પ્રથમ ક્રમ નકિક કરી ક્રમાંકન કરવું અને તે જ વિદ્યાર્થીને ગોલ્ડ મેડલ માટે લાયક ઠેરવવા માટે સર્વાનુંમતે ઠરાવવામાં આવ્યું.**

(૬) ગોલ્ડ મેડલ ઓછામાં ઓછા કેટલાં વિદ્યાર્થીઓ હોય તો આપવા ? એક્ષટર્નલને આપવા કે કેમ ? જો આપવાનાં થાય તો રેગ્યુલર સાથે આપવું કે અલગ આપવું ?

**ઠરાવ નં–૧૪** **કચ્છ યુનિવર્સિટી દ્વારા પદવીદાન સમયે આપવામાં આવતા ગોલ્ડ મેડલ રેગ્યુલર/એક્ષ્ટર્નલ વિદ્યાર્થીઓ માટે ૭૦ ગુણ ને ૧૦૦ ગુણમાં પરિવર્તિત કરી સરખાઇ કરી એક જ ગોલ્ડ મેડલ આપવો, એક વિદ્યાશાખાને એક જ ગોલ્ડ મેડલ આપવામાં આવે તે સર્વાનુંમતે ઠરાવવામાં આવ્યું.**

(૭) પરિણામની ચકાસણી એ માત્ર ડેટા એન્ટ્રીની જ ન કરાતાં, ૧. ઓર્ડિનન્સ એપ્લાય થાય છે કે કેમ ? ૨. ડિનસ ગ્રેસ (જો હોય તો) એપ્લાય થાય છે કે કેમ ? ૩. પર્સન્ટેજ, ગ્રેડ પોઇન્ટ, ઇ.જી.પી, સી.જી.પી.એ., એસ.જી.પી.એ.,

ક્રેડિટની ચકાસણી કરવી. ૪. પરિણામની સમરી (પહેલાં તથા ગ્રેસ બાદ) વગેરે ચકાસણી રેન્ડમ કેસોમાં કરવા અર્થે.

**ઠરાવ નં– ૧૫ પરીણામ જાહેર કરવાની કાર્યવાહી હાથ ધરવા વખતે પહેલા ઓર્ડીનન્સ તથા ડીન ગ્રેસ લાગુ થયા અંગે ખરાઇ કરી, પર્સન્ટેજ, ગ્રેડ પોઇન્ટ, EGP, CGPA, SGPA વગેરે ક્રેડિટની અને પરીણામની સમરી (પહેલા અને ગ્રેસ બાદ) ની ચકાસણી બાદ ડીનશ્રી દ્વારા આખરી કર્યા બાદ સમય મર્યાદામાંજ પરીણામ જાહેર કરવા સર્વાનુંમતે ઠરાવવામાં આવ્યું.**

(૮) ઇન્ટીગ્રેટેડ કોર્ષને અન્ય રેગ્યુલર અભ્યાસક્રમ સાથે ગણીને તમામ માંથી એક ગોલ્ડ મેડલ આપવો કે અભ્યાસક્રમ દીઠ આપવો ?

**ઠરાવ નં– ૧૬ અનુસ્નાતક કક્ષાના ઇન્ટીગ્રેટેડ અભ્યાસક્રમમાં સ્નાતક કક્ષાએથી અભ્યાસ કરીને મુક્ત થનાર વિદ્યાર્થીઓને ગોલ્ડ મેડલ નહી આપવાનું સર્વાનુંમતે ઠરાવવામાં આવ્યું.**

(૯) સીક્યોર રીમોટ પેકેટ ડિલીવરી પર ચર્ચા. (એસ.આર.ડી.પી. સિસ્ટમ) લોગીન મારફતે પરીક્ષાના ૧ કલાક પહેલા પ્રશ્ન પત્ર કોલેજ દ્વારા ઓપન કરી વિદ્યાર્થીને પહોંચતા કરવા.

**ઠરાવ નં–૧૭ સીક્યોર રીમોટ પેકેટ ડિલીવરી અંતર્ગત એકેડેમિક વર્ષ ૨૦૧૭–૧૮ થી અભ્યાસક્રમોમાં લાગુ પાડી (SRPD SYSTEM) લોગીન મારફતે પરીક્ષાના પ્રશ્નપત્રો કોલેજ દ્વારા પ્રિન્ટીગ કાર્યવાહી હાથ ધરવા સર્વાનુંમતે ઠરાવવામાં આવ્યું.**

(૧૦) ઓનલાઇન એડમીશન માટે સુધારા વધારા તથા કેટલા પેરામીટર વિદ્યાર્થીઓ પાસે મેળવવા.

**ઠરાવ નં– ૧૮ કચ્છ યુનિર્સિટીના તમામ અભ્યાસક્રમના ઓનલાઇન એડમીશન અન્વયે વિદ્યાર્થીઓ પાસેથી એક જ વાર ફોર્મ ભરવા સર્વાનુંમતે ઠરાવવામાં આવ્યું.**

(૧૧) એલીજીબીલીટી માટે દરેક અભ્યાસક્રમનાં નિયમો તથા ઓર્ડિનન્સ.

**ઠરાવ નં–૧૯ કચ્છ યુનિવર્સિટીના તમામ અભ્યાસક્રમના પ્રવેશથી પરીણામ સુધીના ઓર્ડિનન્સ જે–તે વિદ્યાશાખાના ડીનશ્રી દ્વારા તૈયાર કરવામાં આવે તે માટે સર્વાનુંમતે ઠરાવવામાં આવ્યું.**

(૧૨) ડિન ગ્રેસ માટેનાં કોમન નિયમો તથા લીમીટ.

**ઠરાવ નં– ૨૦ ગ્રેસીગ અંગેના સમાન ધારા–ધોરણોના સ્થાને જે–તે વિદ્યાશાખાના ડીનશ્રી દ્વારા થયેલ ભલામણ મુજબ ગ્રેસીગ કરવા અને જે–તે અભ્યાસક્રમ માટેની કાઉન્સીલના ધારા–ધોરણ મુજબ જ ગ્રેસીગ આપવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

(૧૩) યુનિવર્સિટી દ્વારા અપાતાં ૧૦ પોઇન્ટ ગ્રેડ સ્કેલ માંથી ઉદભવતાં સી.જી.પી.એ.ને ઇકવીવેલન્ટ પર્સેન્ટેજ બાબત.

**ઠરાવ નં–૨૧ કચ્છ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને ગ્રેડ અને સીજીપીએ ઉપરાંત સીજીપીએ પરથી મેળવેલ ગુણની ગણત્રી અંગેની સ્પષ્ટ માહિતી દર્શાવતી માર્કસીટ એનાયત કરવી, સીજીપીએ પરથી મેળવેલ ગુણની ગણત્રી બાબતે દર્શાવવાની થતી ગણત્રીની રૂપરેખા ડો.પી.એન.દવેએ તા.૦૮/૦૨/૨૦૧૭ સુધીમાં અત્રે રજુ કરવી અને તે મુજબ માંકસીટ અંગે સીસ્ટમ ઇજનેરશ્રીએ કાર્યવાહી હાથ ધરે તે માટે સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

(૧૪) ડિગ્રી પર પર્સન્ટેજ તથા ગ્રેડ બન્ને દર્શાવવા કે કેમ ?

**ઠરાવ નં–૨૨ ડીગ્રી પ્રમાણપત્ર પર ફક્ત ગ્રેડ જ દર્શાવવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

(૧૫) ડબલ ગ્રેજયુએશન અંગેના નિયમો સી.બી.સી.એસ. માટે ડબલ પોસ્ટ ગ્રેજયુએશન માટે.

**ઠરાવ નં–૨૩ કચ્છ યુનિવર્સિટીના સ્નાતક થયેલ વિદ્યાર્થીઓને અન્ય વિષય સાથે પુનઃસ્નાતક થવા બાબતે જે–તે વિદ્યાશાખાના ડીનશ્રી દ્વારા માર્ગદર્શિકા તૈયાર કરી, બહાલી મેળવી કાર્યવાહી હાથ ધરવી, જયારે અનુસ્નાતક અભ્યાસક્રમોમાં પુનઃઅનુસ્નાતક કરવા ઇચ્છતા વિદ્યાર્થીએ જે–તે વિષયમાં સ્નાતક કક્ષાના તમામ વિષયો ઉતીર્ણ કર્યા હોય તો તે વિષયના પુનઃઅનુસ્નાતકમાં પ્રવેશ મેળવવાની તક આપવી. પુનઃસ્નાતક અને પુનઃઅનુસ્નાતક કરનાર વિદ્યાર્થીઓને પૂર્વ ઉતિર્ણ કરેલ પરીક્ષાના સમાન પેપરના માર્કસ યથાવત દર્શાવવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

(૧૬) અભ્યાસક્રમો (યુ.જી./પી.જી.) પાસ કરવા માટેની મહતમ (વર્ષમાં) મર્યાદા.

**ઠરાવ નં–૨૪ કચ્છ યુનિવર્સિટીના અભ્યાસક્રમો પૈકી સ્નાતક કક્ષાના અભ્યાસક્રમો માટે નોધણી કરાવ્યા તારીખથી મહતમ ૫(પાંચ) વર્ષ, જયારે અનુસ્નાતક કક્ષાના અભ્યાસક્રમો માટે નોધણી કરાવ્યા તારીખથી મહતમ ૪(ચાર) વર્ષ સુધીમાં અભ્યાસક્રમ પૂર્ણ કરવાનો રહેશે અન્યથા પુનઃપ્રવેશ મેળવવાનો રહેશે તેમ સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

(૧૭) કોઇ પણ નવો અભ્યાસક્રમ અમલમાં આવનાર હોય તેના ઓછામાં ઓછા કેટલા સમય પહેલાં સંલગ્ન વિભાગોને માહિતી પહોંચતી કરવાની સમય મર્યાદા.

**ઠરાવ નં–૨૫ કચ્છ યુનિવર્સિટીના નવા શરૂ થનાર અભ્યાસક્રમો જે–તે શૈક્ષણિક વર્ષથી શરૂ થતો હોય તેના ત્રણ માસ પૂર્વે ડીનશ્રી મારફત કાર્યવાહી પૂર્ણ કરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

૧૦. પરીક્ષા નિયામકશ્રી દ્વારા રજુ કરવામાં આવેલ (પરિશિષ્ટ–૬,૭) બાબતો પૈકી સભામાં હાથ ધરાયેલ ચર્ચામાં સમાવિષ્ટ મુદાઓ અને તે અંગે થયેલ ઠરાવો નીચે મુજબ છે જયારે બાકીના મુદાઓ માટે ચર્ચાને અવકાશ ન હોતાં રદ ઠરાવેલ છે.

(૧) ટ્રાન્સ સ્ક્રીપ્ટ યુનિ.કક્ષા એ આપવી અને તેની ફી નકિક કરવી.

**ઠરાવ નં–૨૬ કચ્છ યુનિવર્સિટીના વિદ્યાર્થી દ્વારા જો યુનિવર્સિટીની ટ્રાન્સસ્ક્રીપ્ટ મેળવવા અંગે અરજી કરવામાં આવે તો પ્રથમ કોપીના રૂપિયા ૨૦૦/–(બસો પુરા) અને ત્યાર બાદ વધારાની પ્રત્યેક કોપીના રૂપિયા ૫૦/–(પચાસ પુરા) લેખે સ્વીકારી ટ્રાન્સસ્ક્રીપ્ટ આપવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

(૨) પરસેન્ટેજ રેકટીફીકેશન ચાલુ રાખવુ કે કેમ

**ઠરાવ નં–૨૭ પર્સન્ટેઝ રેકટીફિકેશન યોજના શૈક્ષણિક વર્ષ–૨૦૧૭–૧૮ થી રદ કરવા અંગે જાહેર ખબર આપી રદ કરવાની કાર્યવાહી કરવા અને હાલમાં આવેલ પર્સન્ટેઝ રેકટીફિકેશનની અરજી ગ્રાહય રાખી પરીક્ષાની અંતિમ તક આપવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

(૩) ઈનકમ્પલીટ વાળા વિધાર્થીઓ ને માર્કશીટ ઈસ્યુ ન કરવી

**ઠરાવ નં–૨૮ કચ્છ યુનિવર્સિટીના જે વિદ્યાર્થીઓની માર્કસીટમાં INCOMPLETE દર્શાવેલ હોય તેવા વિદ્યાર્થીઓ અને મુલ્યાંકન દરમ્યાન ગુણની એન્ટ્રી ના થઇ હોય તેવા ઉત્તરવહીઓનો રેકર્ડ જે–તે કો–ઓર્ડિનેટરશ્રી દ્વારા પ્રત્યેક પરીક્ષાના**

**અંતે તૈયાર કરી પરીક્ષા નિયામકશ્રીને જમાં કરાવવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

(૪) વાર્ષિક પધ્ધતિ વાળા તમામ વિધાર્થીને તક આપવી કોપી કેસ સર્દભે પણ નિર્ણય લેવો

**ઠરાવ નં–૨૯ કચ્છ યુનિવર્સિટી દ્વારા જુદા–જુદા અભ્યાસક્રમો પૈકી હાલની સીબીસીએસ પધ્ધતિ સિવાયના તમામ અભ્યાસક્રમોમાં અભ્યાસ કરતાં નિયમિત અને બ્રાહય નોંધાયેલા વિદ્યાર્થીઓને માર્ચ–૨૦૧૭ માં લેવાનારી પરીક્ષા સાથે અંતિમ તક આપવી. તે અંગે વર્તમાનપત્રમાં જાહેરાત આપી વિદ્યાર્થીઓને જાણ કરવી. આ પધ્ધતિ અનુસારના પરીક્ષા આપનાર વિદ્યાર્થી પર જો ગેરરીતી અંગેની કાર્યવાહી થયેલી હોય અને તે સજાના ભાગ રૂપે પરીક્ષા આગામી વર્ષોમાં આપવાની થતી હોય તો તેમને થયેલ સજામાં રાહત આપી માર્ચ–૨૦૧૭ની પરીક્ષાઓમાં અંતિમ તક આપવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

(૫) ઓબ્ઝર્વર તરીકે નિમણુકની લાયકાત

**ઠરાવ નં–૩૦ કચ્છ યુનિવર્સિટી આયોજીત વિવિધ પરીક્ષાઓ દરમ્યાન ઓબ્ઝર્વરની નિમણુંક અંગે માનનીય કુલપતિશ્રીને સત્તા સોંપવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

(૬) ડીગ્રી ફી કોણ લેશે.

**ઠરાવ નં–૩૧ કચ્છ યુનિવર્સિટીના પદવી પ્રમાણપત્ર મેળવવા અંગેની ફી યુનિવર્સિટી મારફતે જ સ્વીકારવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

(૭) મેડિકલ ફેકલ્ટી મા રી–ચેકિંગ અને રી–અસેસમેન્ટ ની કેટલી ફી લેવી

**ઠરાવ નં–૩૨ કચ્છ યુનિવર્સિટીના મેડીકલ અભ્યાસક્રમના રી–ચેકિંગ માટે રૂા.૧૦૦૦/– અને રી–અસેસમેન્ટ માટે રૂા.૨૦૦૦/– નિયત કરવા સૌધ્ધાંતિક મંજુરી આપવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

(૮) એક્ષ્ટર્નલ વિધાર્થીઓ માટે સ્પેશિયલ વર્ગો ચલાવવા

**ઠરાવ નં–૩૩ કચ્છ યુનિવર્સિટીના એક્ષ્ટર્નલ વિદ્યાર્થીઓ માટે સ્પેશિયલ વર્ગો ચલાવવા અંગે પૂખ્ત વિચારણાને અંતે વર્ગો ના ચલાવવાં સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

(૯) ચાલુ પરીક્ષા દરમિયાન પશ્નપત્ર મા સુધારા અગેં.

**ઠરાવ નં–૩૪ કચ્છ યુનિવર્સિટીની જુદી–જુદી પરીક્ષાઓ દરમ્યાન જો પ્રશ્નપત્રમાં સુધારો સુચવવાની જરૂર જણાય તો પરીક્ષા દરમ્યાન સુધારા અન્વયે પરીક્ષા નિયામકશ્રી દ્વારા કાર્યવાહી હાથ ધરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

(૧૦) એમ.કોમ. પરીક્ષાના મુલ્યાંકન કાર્ય માટે આદીપુર ખાતે મુલ્યાંકન કેન્દ્ર ફાળવવા બાબત.

**ઠરાવ નં–૩૫ પ્રો.એન.આર.ભગતાણી દ્વારા થયેલ રજુઆત મુજબ એમ.કોમ. પરીક્ષાના મુલ્યાંકન માટેનું મુલ્યાંકન કેન્દ્ર આદીપુર ખાતે ફાળવવા ચર્ચા હાથ ધરાઇ અને જરૂરીયાત જણાય ત્યારે કાર્યવાહી કરવા જે–તે સમયે નિર્ણય લેવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

૧૧. કચ્છ યુનિવર્સિટીમાં અંગ્રેજી વિષયમાં એમ.ફિલ.નો અભ્યાસક્રમ બહાલ કરી શરૂ કરવા બાબત

**ઠરાવ નં.–૩૬ કચ્છ યુનિવર્સિટીમાં અંગ્રેજી વિષયમાં એમ.ફિલ.નો અભ્યાસક્રમ બહાલ કરી શરૂ કરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

૧૨. કચ્છ યુનિવર્સિટીના ગુજરાતી, અંગ્રેજી તથા સંસ્કૃતને ''ભાષાભવન'' તરીકે ઓળખ આપવા બાબત.

**ઠરાવ નં.–૩૭ કચ્છ યુનિવર્સિટીના ગુજરાતી, અંગ્રેજી તથા સંસ્કૃતને ''ભાષાભવન'' તરીકે ઓળખ આપવા અંગે થયેલ રજુઆતને યુ.જી.સી.ની જરૂરતના ભાગરૂપે સ્વીકારવી પરંતુ વહિવટી પ્રક્રિયા વર્તમાન સમય અનુસાર જ ચાલુ રાખવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું. માનનીય કુલપતિશ્રી દ્વારા સોસીયલ સાયન્સ**

**વિભાગ શરૂ કરવા અંગે થયેલ રજુઆતને સર્વ સભ્યશ્રીઓએ સ્વીકારી અને મનોવિજ્ઞાન, સમાજશાસ્ત્ર કે ઇતિહાસ વિષય પૈકી કયા વિષયોનો સદર વિભાગમાં સમાવેશ કરવો તે સત્તા માનનીય કુલપતિશ્રીને સોંપવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

**અધ્યક્ષ સ્થાનેથી રજુઆત**

૧૩. **બાબા નાહરસિંહ ઇન્દ્રપ્રસ્થ મહાવિદ્યાલયનું બી.જર્નાલીઝમ અભ્યાસક્રમનો જોડાણ બંધ કરવા બાબત.**

ઠરાવ નં–૩૮ **બાબા નાહરસિંહ ઇન્દ્રપ્રસ્થ મહાવિદ્યાલયનું બી.જર્નાલીઝમ અભ્યાસક્રમનો જોડાણ બંધ કરવાની કાર્યવાહી હાથ ધરવા અને જોડાણ રદ કરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

૧૪. શૈક્ષણિક વર્ષ ૨૦૧૬–૧૭ ના જોડાણ જાહેરનામાની કાર્યવાહી હાથ ધરવા બાબત.

ઠરાવ નં–૩૯ **શૈક્ષણિક વર્ષ ૨૦૧૬–૧૭ ના જોડાણ જાહેરનામાની કાર્યવાહી હાથ ધરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

૧૫. શૈક્ષણિક વર્ષ ૨૦૧૭–૧૮ ના નવા જોડાણ કાર્યવાહી હાથ ધરવા બાબત.

**ઠરાવ નં–૪૦ શૈક્ષણિક વર્ષ ૨૦૧૭–૧૮ ના નવા જોડાણ કાર્યવાહી હાથ ધરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

૧૬. એસ.કે.એલ.પી. દ્વારા બી.એસ.સી.નર્સીંગ શરૂ કરવાના ભાગરૂપે એન.ઓ.સી. મેળવવા મળેલ રજુઆત બાબત.

**ઠરાવ નં–૪૧ એસ.કે.એલ.પી. દ્વારા બી.એસ.સી.નર્સીંગ શરૂ કરવાના ભાગરૂપે એન.ઓ.સી. મેળવવા મળેલ રજુઆત ગ્રાહય રાખી કાર્યવાહી હાથ ધરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

૧૭. વાઇબ્રન્ટ ગુજરાત અંતગર્ત થયેલ એમ.ઓ.યુ. બાબત.

**ઠરાવ નં–૪૨ વાઇબ્રન્ટ ગુજરાત અંતગર્ત થયેલ એમ.ઓ.યુ. અન્વયે થયેલ કાર્યવાહીને બહાલ રાખી તે મુજબની કાર્યવાહી હાથ ધરવા બહાલ સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

૧૮. પી.એચ.ડી. અભ્યાસક્રમમાં જો મહાશોધ નિબંધનો નિર્ણાયકશ્રીઓનો અહેવાલ અત્રે ઉપલબ્ધ થયેલ હોય અને માર્ગદર્શકશ્રી હાજર ન હોય કે હાજર રહી ન શકે તેમ હોય તેવા સંજોગોમાં વાઇવા ગોઠવવા બાબત.

**ઠરાવ નં–૪૩ પી.એચ.ડી. અભ્યાસક્રમમાં જો મહાશોધ નિબંધનો નિર્ણાયકશ્રીઓનો અહેવાલ અત્રે ઉપલબ્ધ થયેલ હોય અને માર્ગદર્શકશ્રી હાજર ન હોય કે હાજર રહી ન શકે તેમ હોય તેવા સંજોગોમાં અહેવાલ રજુ કરનાર બન્ને બ્રાહય નિર્ણાયકશ્રીઓને આમંત્રીત કરી ડીનશ્રીના નેજા હેઠળ વાઇવા ગોઠવવો અને પદવી એનાયત કરવા અંગે કાર્યવાહી હાથ ધરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

૧૯. પી.એચ.ડી.અભ્યાસક્રમમાં નોંધાયેલ સંશોધકશ્રીનો નિયમ અનુસાર ફી ભરાયેલ ન હોય, તમામ સત્રોનો કાર્યકાળ પૂર્ણ થયેલ હોય કે અન્ય કોઇપણ કારણસર સંશોધન કાર્ય આગળ

થયેલ ન હોય અને તે અંગેની સ્પષ્ટતાની રજુઆત થયેલ ન હોય તેવા સંજોગોમાં અભ્યાસક્રમ ચાલુ રાખવા બાબત.

**ઠરાવ નં–૪૪** **પી.એચ.ડી.અભ્યાસક્રમમાં નોંધાયેલ સંશોધકશ્રીનો નિયમ અનુસાર ફી ભરાયેલ ન હોય અથવા તમામ સત્રોનો કાર્યકાળ પૂર્ણ થયેલ હોય કે અન્ય કોઇપણ કારણસર સંશોધન કાર્ય આગળ થયેલ ન હોય અને તે અંગેની સ્પષ્ટતાની રજુઆત થયેલ ન હોય તેવા સંજોગોમાં પી.એચ.ડી. સંશોધકશ્રીનું રજીસ્ટ્રેશન રદ કરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

૨૦. કચ્છ યુનિવર્સિટીના ઉર્ત્તિણ થયેલા વિદ્યાર્થીઓની માર્કસીટ અને પદવી પ્રમાણપત્રની ખરાઇની ફી બાબત.

**ઠરાવ નં.૪૫** **કચ્છ યુનિવર્સિટીના ઉર્ત્તિણ થયેલા વિદ્યાર્થીઓની માર્કસીટ અને પદવી પ્રમાણપત્રની ખરાઇ અંગે સરકારી કચેરી દ્વારા રજુઆત કરવામાં આવે તો વિના મુલ્યે ખરાઇ અંગેની કાર્યવાહી હાથ ધરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

૨૧. બિન–શૈક્ષણિક તદન હંગામી કરાર આધારીત કર્મચારીઓની સી.એલ.બાબત.

**ઠરાવ નં–૪૬** **કચ્છ યુનિવર્સિટી દ્વારા જુદા–જુદા સમયેબિન–શૈક્ષણિક તદન હંગામી કરાર આધારીત કર્મચારીઓની સી.એલ.બાબતે થયેલ પરીપત્રોની વિસંગતતા ધ્યાને લેતાં તમામ પરીપત્રો રદ ગણી પ્રત્યેક મહિનાને અંતે એક સી.એલ. એમ વર્ષાન્તે કુલ–૧૨ સી.એલ. ભોગવી શકે તેવું સર્વાનુમતે ઠરાવવા આવ્યું.**

૨૨. શૈક્ષણિક કર્મચારીશ્રી ના ઇ.એલ. અને ડી.એલ. બાબત.

**ઠરાવ નં–૪૭** **કચ્છ યુનિવર્સિટીના શૈક્ષણિક કર્મચારીશ્રીઓના ઇ.એલ. અને ડી.એલ. અંગે વખતોવખતના યુ.જી.સી./રાજ્ય સરકારશ્રીના ધોરણો ગ્રાહય રાખવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

૨૩. ધોરણ–૧૦ બાદ ૩ વર્ષના ડીપ્લોમાં કોર્ષ વાળા વિદ્યાર્થીઓને આર્ટસ અને કોમર્સ વિદ્યાશાખામાં ધોરણ–૧૨ સમકક્ષ ગણી પ્રવેશ આપવા બાબતે.

**ઠરાવ નં–૪૮** **ધોરણ–૧૦ બાદ ૩ વર્ષના ડીપ્લોમાં કોર્ષ વાળા વિદ્યાર્થીઓને આર્ટસ અને કોમર્સ વિદ્યાશાખામાં ધોરણ–૧૨ સમકક્ષ ગણી શકાય અને પ્રવેશપાત્ર થાય તેવી ચર્ચાને અંતે આર્ટસ કે કોમર્સમાં પ્રવેશ એફ.વાય. બી.એ./બી.કોમ. માં આપવા સર્વાનુંમતે ઠરાવવામાં આવ્યું.**

૨૪.મુલ્યાંકન કાર્ય માટે મુલાકાતી અધ્યાપકશ્રીને ફરજ સોંપવા બાબત.

**ઠરાવ નં.૪૯** **મુલ્યાંકન કાર્ય માટે મુલાકાતી અધ્યાપકશ્રીને મુલ્યાંકન કાર્યની ફરજ ન સોંપવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

**અન્ય કોઇ મુદો ઉપસ્થિત ન થતાં અધ્યક્ષશ્રીના આભાર સાથે આ સભા પૂર્ણ જાહેરકરવામાં આવી.**

આપનો વિશ્વાસુ

**કુલસચિવ**

નકલ સવિનય રવાનાઃ– માન.કુલપતિશ્રીના કાર્યાલય તરફ.